## વડીલોને વંદન

## અભિનંદન



કે.બી. વ્યાસ
(૧૯૩૯) મો.૯૮૨૫૦૩૩૦૭૪

## લૉ કોલેજમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ

સેક્ટર-૧૬ સ્થિત સિદ્ધાર્થ લૉ કોલેજ ખાતે ગાંધી નિર્વાણ દિન નિમિત્તે મહાત્મા અને સફાઈ વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ગાંધીજી અને સફાઈ પર ચિત્રો દોરી પોતાનામાં રહેલી કુશળતા બતાવી હતી. સ્પર્ધામાં પ્રથમ અશ્વિન પી., બીજો મમતા વાળા અને હેમાલી પટેલને શ્રેષ્ઠ ચિત્ર બદલ ત્રીજો નંબર આપવામાં આવ્યો હતો.

## શહેર પેન્શનર્સ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને તા. ૫-૨-૨૦૧૫ને ગુરૂવારના રોજ સંસ્થાના કાર્યાલય, સ્વસ્તિક કોમ્પલેક્ષ, બીજો માળ, સેક્ટર-૨૨ ખાતે સાંજે ૪.૦૦ વાગે મળશે. આ બેઠકમાં અગત્યના મુદ્દાઓની ચર્ચા વિચારણા થશે. બેઠકમાં સર્વે પદાધિકારીઓ અને કારોબારી સભ્યોએ અચુક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

## યુવા મતદાર મહોત્સવમાં ચૌધરી કોલજની વિદ્યાર્થીનીને ઈનામ

સમગ્ર દેશમાં ૨૫મી જાન્યુઆરીને મતદાન દિવસ તરીકે મનાવવામાં આવે છે. સેક્ટર-૭ સ્થિત પી.કે. ચૌધરી મહિલા કોલેજ ખાતે યુવા મતદાર મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ૨૫મી જાન્યુઆરીના રોજ કોલેજ ખાતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુંહતું. સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર હીના મેસરીયાને કેટેગરી-૨માં રૂ.૧ ૫૦૦નો રોકડ પુરસ્કાર અને શૈલજા ઠાકોરને રૂ. ૭૫૦નો રોકડ પુરસ્કાર રાજયપાલશ્રીના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. કોલેજની વિદ્યાર્થીનીઓને રાજયપાલના હસ્તે ઈનામ મળવાથી કોલેજ પરિવારે વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# મોડાસાના ચાંદ ટેકરી વિસ્તારમાં આવેલી ફોરેસ્ટ વિભાગની નર્સરીમાં આગ

## નર્સરીમાં શંકાસ્પદ રીતે ૨૦ જેટલી નીલગીરીઓના કપાયેલા થડ જોવા મળ્યા

અરવલ્લી જીલ્લામાં છેલ્લા કેટલાય સમય થી વનવિભાગ કોઈ ને કોઈ બાબતે ચર્ચા માં રહયુ છે હમણાં જ બે દિવસ્ પૂણહેલા મેઘરજ વીસ્તાર માં ૨૫ જેટલા વૃક્ષો નુ નિકંદન કરવામાં આવ્યુ હતુ ત્યારે આજ રોજ મોડાસા ના ચાંદ ટેકરી વીસ્તાર માં આવેલી નર્સરી આજે શંકાસ્પદ રીતે આગ લગતાં અનેક તર્ક વિર્તકો થવા પામ્યા છે ત્યારે અચરજ પમાડે એવી વાતએ છે કે આ નર્સરી માં ૨૦ જેટલી નીલગીરી ના કપાયેલા થડ જોવા મળ્યા હતા ત્યારે લોકમુખે એવી પણ ચર્ચા થઈ રહી છે કે આ આગ એ શંકાસ્પદ રીતે લગાવાઈ હોય તેવુ દેખાઈ રહયુ છે ત્યારે આ અંગે વનખાતા ના ઉચ્ચ અધિકારીઓ આ બાબતે યોગ્ય તપાસ કરેતો મોટુ કૌભાંડ બહાર આવે તેમ છે

# મોડાસાના નવા ડેપો મેનેજરને માંગણીઓ પુરી કરવા આવેદનપત્ર

મોડાસા એસટી ડેપોમાં તાજેતરમાં નવા ડેપો મેનેજર રાજેન્દ્રસિંહ વાઘેલાએ ચાર્જ સંભાળ્યો છે અને તુરંત જ તેમણે ડેપોની કામગીરી, સ્વચ્છતા, પીવાના પાણીની વ્યવસ્થા તેમજ બસો નિયમિત દોડે તે માટેના પ્રયત્નો હાથ ધર્યા છે. મેઘરજ તાલુકામાં વધારાની જુના રૂટની બસો બંધ કરી દેવાઈ છે તેને પુનઃ ચાલુ કરવા અગ્રણી છગનલાલ પંચાલ તરફથી આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

માંગણીઓમાં માલપુર શામળાજી હવે રાત્રિ રોકાણ મોડાસાના બદલે શામળાજીમાં કરે તેમજ તમામ દિવસે શામળાજી બસ જાય તેવી માંગ કરાઈ છે. આ ઉપરાંત મોડાસા, દહેગામ બસનો ઉપડવાનો સમય પુનઃ ૬.૧૫નો કરાય, કુણોલ તરફની બસ ફરી ચાલુ કરીને તેને રેલ્લાવાડા-ઈસરી સુધી લંબાવાય, ઈસરી-ઈટાદરાથી તેને રેલ્લાવાડા-ઈસરી સુધી લંબાવાય, ઈસરી-ઈટાદરાથી સવારની ૭ વાગ્યાની બે બસો પછી ૧૧ વાગ્યા સુધી કોઈ જ બસ નથી તે માટે ૯.૩૦થી એક બસ મુકાય અને મેઘરજથી સાંજે ૫ વાગ્યા પછી રેલ્લાવાડા-નવાગામ-છીંટાદરા તરફ બસ ચાલુ કરવામાં આવે જેથી આઈટી આઈના વિદ્યાર્થીઓ રખડી ના પડે તે માટે માંગ કરાઈ છે. મોડાસા ડેપોમાં સૌથી વધારે આવક આપતી ઉન્ડવા-કાલીયાકુવા, રામગઢી-સારંગપુર, પંડુલી ઢેકવા, રેલ્લાવાડા છીંટાદરા મીની બસો દર કલાકે દોડાવાય તેવી માંગ કરાઈ છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

# મોડાસાની એમ.કે. શાહ કોલેજમાં રંગોળી સ્પર્ધા યોજાઈ

મોડાસા, તા. ૩

મોડાસાના મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના સ્થાપના દિનના ઉજવણીના ભાગ રુપે મંડળ દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ તે મુજબ એમ.કે. શાહ (લાટીવાળા) અધ્યાપન મહાવિદ્યાલય (પીટીસી કોલેજ) મોડાસા દ્વારા કેમ્પસની તમામ કોલેજના વિદ્યાર્થીઓની સુષુપ્ત શકિતઓ બહાર લાવવા માટે રંગોળી સ્પર્ધા કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકરના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી હતી તેમાં કેમ્પસની તમામ ભગીની સંસ્થાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ચિત્રકળાના નિષ્ણાત અમિતભાઈ પંડયા અને કલરવ પ્રા. શાળાના શિક્ષિકા અલકાબેન પટેલે સેવાઓ આપી હતી. આ સ્પર્ધામાં પ્રથમ નંબરે ગોર પ્રિયાન્સી વી. બી.સી.એ. કોલેજ બીજા નંબરે પટેલ દેવ્યાની એન. બી.સી.એ. કોલેજ અને ત્રીજા નંબરે પટેલ દિશા એ. કોમર્સ કોલેજ આવ્યા હતા જયારે એમ.એસ., ડબલ્યુ કોલેજના અંસારી દીપીકા અને ડી.એલ.એડ. કોલેજના વરસાત રાહુલે આશ્વાસન ઈનામ પ્રાપ્ત કર્યું હતું.

પોતાની કોલેજમાંથી પસંદગી પામેલા ચુનંદા ૨૭ સ્પર્ધકોએ કલાના કસબ પાથર્યા હતા આ રંગોળી પ્રદર્શન તા. ૨જીના રોજ તમામ માટે ખુલ્લુ રાખવામાં આવ્યું હતું. વિદ્યાર્થીના જીવનમાં કોઈ પણ ક્ષેત્રે સફળ થવા માટે કલા અનિવાર્ય છે વિદ્યાર્થીઓમાં પડેલી સુષુપ્ત શકિત બહાર લાવવાનો એક ઘનિષ્ઠ પ્રયાસ કોલેજ દ્વારા કરવામાં આવ્યો હતો. ભાગ લેનાર સ્પર્ધકોને પ્રોત્સાહન પુરું પાડવા માટ મંડળના પ્રમુખશ્રી ડૉ. અરુણભાઈ શાહ, અરવલ્લી જિલ્લાના કલેકટરશ્રી બી.જે. ભટ્ટ, નાગરિક બેંકના ચેરમેન અને મંડળના માનદ મંત્રી સુભાષભાઈ શાહ, નિલેશભાઈ જોષી પ્રમુખ સરસ્વતી બાલમંદિર અને પ્રભારી મંત્રી અરવિંદભાઈ મોદી ઉપસ્થિત રહ્યા હતાં.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને સંકલન પ્રા. ગીતાબેન નીનામાએ કર્યું હતું. સ્ટાફ પરિવારે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# મધ્યાહન ભોજન યોજના કેન્દ્રના પૂર્વ વિવાદિત સંચાલકને ફરી ચાર્જ સોંપવાના હૂકમથી હોબાળો

મોડાસા, તા. ૩

મેઘરજથી આશરે ૧૦ કિલોમીટર દૂર આવેલા પહાડિયા પ્રા. શાળાના મધ્યાહન ભોજન કેન્દ્રના સંચાલકનો હિસાબો નિયમિત રજુ ન કરાતા આ કેન્દ્રનો ચાર્જ પંચાલ-૧ ના સંચાલકને સોંપવામાં આવ્યો હતો. એસએમસી કમિટીના સભ્યો દ્વારા બાળકોને સમયસર અને ગુણવત્તાયુક્ત આહાર મળી રહે તે માટે એક રસોયો અને હેલ્પરની નિમણુંક કરાતા સંચાલન સારૂ ચાલતુ હતુ. પરંતુ ફરી પૂર્વ સંચાલકને ચાર્જ સંબાળવાનો હૂકમ થતા એસએમસી તેમજ વિદ્યાર્થી અને તાલીમાર્થીમાં ભારે શોકની લાગણી પ્રવર્તેલ જણાય છે.

આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર પહાડિયા પંચાલના મધ્યાહન ભોજન કેન્દ્રના સંચાલકની મનમાની અને લાલીયાવાડીથી વિદ્યાર્થીઓ તેમજ ખુદ શાળાના એસએમસી કમીટીના સભ્યો અને કર્મચારીગણ ત્રાહિમામ પોકારી ગયા હતા. આ લાલીયાવાડીની સાથે સાથે હિસાબો મોકલવામાં પણ અનિયમીતતા થતી હોવાથી મેઘરજના મામલતદારે આ ગેરવહીવટના કારણે તાકીદે નિર્ણય લઈ સંચાલક પાસેથી ચાર્જ છીનવી લઈ પંચાલ-૧ના સંચાલકને ચાર્જ સોંપ્યો હતો. એસએમસીના સભ્યોએ શાળાના આચાર્યને સાથે રાખી મધ્યાહન ભોજનનો હેતુ જળવાય તે માટે એક રસોઈયા અને હેલ્પરની નિમણુંક કરી હતી. જેથી મધ્યાહન ભોજન યોજના સંપૂર્ણ પણે વ્યવસ્થિત ચાલતી હતી જેના કારણે પંચાલ-૧ના સંચાલકની કામગીરીથી વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ સંતુષ્ટ હતા. પરંતુ અગમ્ય કારણોસર ગણો કે વહીવટી કામગીરીના ભાગરૂપે તાજેતરમાં પૂર્વ સંચાલને પહાડીયા પંચાલ મધ્યાહન યોજનાના કેન્દ્રનો ચાર્જ સંભાળવાનો આદેશ થતાં ચોમેરથી વિરોધ ઉઠવા પામ્યો હોવાનુ જાણવા મળ્યું છે. તા. ૨જી ફેબ્રુઆરીથી પૂર્વ સંચાલકને હાજર થવાનો ઓર્ડર આપતા આચાર્ય અને એસએમસી કમીટીએ ઓર્ડર સ્વીકાર્યો નહોતો. જેથી મધ્યાહન ભોજન બંધ રહ્યુ હતુ. જો મધ્યાહન ભોજનના પૂર્વ સંચાલનને હાજર કરામાં આવસે તો એસએમસી કમીટીના તમામ સભ્યો રાજીનામુ આપી દેશે તેવુ એસએમસી કમીટીના અધ્યક્ષ અને સભ્યોએ જણાવ્યું હતું.

# ખેડબ્રહ્મા તાલુકાના નિવૃત્ત શિક્ષકોની ગુમ થયેલ સેવા પોથીઓ આપવા આદેશ

## પગાર તફાવત અને રીવાઈઝ પેન્શનના લાભ નિવૃત્ત શિક્ષકોને મળશે

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મા તાલુકામાં ૨૦ વર્ષ પહેલા નિવૃત્ત થયેલા પ્રાથમિક શાળાના ૧૬ શિક્ષકોની સેવાપોથીઓ તાલુકા પંચાયતના શિક્ષણ વિભાગમાંથી ગુમ થઈ જતા નિવૃત્ત કર્મચારી મંડળ અને નિવૃત્ત કર્મચારીઓએ સંલગ્ન અધિકારીઓને ડુપ્લીકેટ સેવાપોથીઓ કાઢી આપવાની રજુઆતના પગલે જિલ્લા શિક્ષણાધિકારીએ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને આદેશ કરતા શિક્ષણખાતુ હરકતમાં આવી ગયુ હતુ.

ખેડબ્રહ્મા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ કીર્તીકુમાર યુ. જોષીના જણાવ્યા અનુસાર ખેડબ્રહ્મા તાલુકાની ઉંચીધનાલ ગામે આવેલી પ્રાથમિક શાળાના પૂર્વ આચાર્ય ગંગારામ માધવરામ મિસ્ત્રી સહીત ૧૬ નિવૃત્ત શિક્ષકોની સેવાપોથીઓ શિક્ષણ વિભાગની બેદરકારીના કારણે ગુમ થઈ ગઈ હતી તેથી તા. ૧ ઓગસ્ટ-૧૯૯૪ પહેલા નિવૃત્ત થયેલા પ્રા. શિક્ષકોને તફાવતની રકમ ચુકવવા હૂકમ પણ કર્યો હતો. જેથી તમામ જિલ્લાઓમા હૂકમનો અમલ શરૂ થઈ ગયો છે. પરંતુ ખેડબ્રહ્મા તાલુકાના ૩૨ શિક્ષકોની સેવા પોથીઓ તાલુકા પંચાયતના શિક્ષણ શાખામાંથી ન મળતાં તે સેવાપોથીઓ ગુમ થઈ ગઈ છે. તેથી બધા લાભ અટકી જતાં તાલુકા-જિલ્લા તથઆ રાજ્ય નિવૃત્ત કર્મચારી મંડળોએ સરકારમાં ઉગ્ર રજુઆત કરી હતી. જેથી સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટના સ્પે.સી.એ. નં. ૩૭૫૪ ના ચુકાદા અન્વયે તા. ૧ ઓગસ્ટ-૧૯૯૪ પહેલાં નિવૃત્ત થયેલા શિક્ષકોને ત્રણ ઉ.પ. ધોરણનો લાભ આપવામાં જે પેન્શનરોની અસલ સેવાપોથીઓ મળતી નથી તે અંગે તાત્કાલિક પોલીસ ફરીયાદ નોંધાવી દુપ્લીકેટ સેવા પોથીઓ તૈયાર કરી સત્વરે જિલ્લામાં રજુ કરવા જણાવ્યુ છે. તેમજ કસુર થયેલ કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો સઘળી જવાબદારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની રહેશે.

આ અંગે ખેડબ્રહ્મા તાલુકા પંચાયત કચેરીની શિક્ષણ શાખાના ઈન્ચાર્જ તા.કે. નિરિક્ષિક પિયુષભાઈ જોષીએ જણાવ્યુ હતુ કે પોલીસ ફરીયાદની અરજી ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને આપવામાં આવી છે. ફરીયાદ નોંધાતા દુપ્લીકેટ સેવા પોથી તૈયાર કરવામાં આવશે.

## શબ્દાવલી - ૫૬૩૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ |
| | ■ | | ■ | ૫ | | ■ | |
| ૬ | ૭ | | ■ | | ■ | ૮ | |
| ૯ | | ■ | ૧૦ | | ૧૧ | | ■ |
| ■ | ૧૨ | ૧૩ | | ■ | ૧૪ | | ૧૫ |
| ૧૬ | | | ■ | ૧૭ | ■ | ■ | |
| | ■ | ૧૮ | ૧૯ | | | ૨૦ | |
| ૨૧ | | ■ | ૨૨ | | ■ | | ■ |

### આડી ચાવી

૧. છતનું રંગબેરંગી કપડું (૪)
૩. નકાબ, ચહેરો ઢંકાય તેવું જાળીવાળુ કપડું (૩)
૫. કસરત કરવા કે ફિટનેશ માટે લોકો.... માં જાય (૨)
૬. ચણતરનું કામ કરનાર મજુર (૩)
૮. દળદાર, સ્થૂળ (૨)
૯. બરબાદ, મડદુ (૨)
૧૦. સ્વાર્થ માટે હદ બહારના વખાણ કરવા તે (૪)
૧૨. પ્રોજેક્ટ, ઉદ્દેશ, હેતુ (૩)
૧૪. નહિ તો, નહિતર (૩)
૧૬. રડતા રહિ રહિને જોરથી ખેંચાતો શ્વાસ (૩)
૧૮. બેવફા, લૂણહરામ (૬)
૨૧. એક જંતુ (૨)
૨૨. આરો, કિનારો (૨)

### ઊભી ચાવી

૧. ચંદ્રનું કિરણ, કળા (૪)
૨. વલણ, રવાઇ (૩)
૩. ઘાંટો, રાડ (૨)
૪. ઘર, મકાન (૩)
૫. જીતવાની ઇચ્છા (૩)
૭. સ્ક્રુ ડ્રાઇવર, બરતરફ, રદ (૪)
૮. જાતકર્મ, જન્માક્ષર (૩)
૧૦. લોહી, મારી નાખવું તે (૨)
૧૧. વિચારવાનું કાર્ય કરતી ઇન્દ્રિય (૨)
૧૩. દુર્યોધનનો કપટી મામો (૩)
૧૫. સંખ્યા (૩)
૧૬. પાણીમાં પેસવું તે (૩)
૧૭. વયસ્ક, પાકું (૩)
૧૯. અભિપ્રાય, વિચાર (૨)
૨૦. જંગલ, વગડો (૨)

### શબ્દાવલી ૫૬૩૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) મળસકુ (૪) ધોલાઇ (૬) બૂલબૂલ (૮) તાબુત (૧૦) રૂમ (૧૧) વરૂ (૧૨) ફિયાસ્કો (૧૫) દરમાયો (૧૭) દરજો (૧૯) લિબાશ (૨૦) ચાડીયો (૨૨) કોલર (૨૩) ભાવી

**ઊભી ચાવી :-** (૧) મળતાવડુ (૨) સબૂત (૩) કુલ (૪) ધોલ (૫) ઇન્કમ (૭) બૂનિયાદ (૯) બૂરૂ (૧૩) સ્કોર (૧૪) દરબાર (૧૬) માવડી (૧૭) દલિલ (૧૮) જોશ (૨૦) ચાવી (૨૧) યોક

# અમદાવાદ એઆરટીઓ ગાંધીનગર એસીબીના સકંજામાં

## આરટીઓ ઓફિસ બહારથી એઆરટીઓ અને એક ફોલ્ડરને ઉઠાવ્યા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર એસીબીની ટીમે અમદાવાદ એઆરટીઓ તથા તેના એક ફોલ્ડરને અમદાવાદ આરટીઓ ઓફિસની બહારથી જ ઉઠાવી લઈ બન્નેનું ઈન્ટ્રોગેશન શરૂ કર્યું છે. લાંચની રકમ અરજદારો પાસેથી ફોલ્ડર મારફતે એઆરટીઓ ઉઘરાવતા હોવાની શંકા છે. એઆરટીઓ ઓફિસર અને ફોલ્ડરને ગાંધીનગર એસીબી પીઆઈ એમ.જે. ક્રિશ્ચિયન તથા તેમની ટીમે પકડીને પૂછપરછ આરંભી છે. લાંચની રકમ તથા બેહિસાબી નાણાં અંગે આ લખાય છે ત્યાં સુધીમાં પૂછપરછ ચાલુ હોવાથી સ્પષ્ટતા થઈ શકી નથી.

# રાજ્યના નાયબ કલેક્ટર કક્ષાના અધિકારીઓની બઢતી આજ-કાલમાં

ગાંધીનગર, તા. ૩

રાજ્યના ૩૮ જેટલા નાયબ કલેક્ટરોને અધિક કલેક્ટર તરીકે બઢતી આપવા માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને આગામી એકાદ સપ્તાહમાં જ બઢતી બદલીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં રાજ્યના ગેસ કેડરના ૧૯ જેટલા અધિકારીઓને કેન્દ્ર સરકારે આઈ.એ.એસ. કેડરમાં નિમણુંકો આ અધિકારીઓને આપવાની બાકી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગેસ કેડરના ૧૯ જેટલા અધિક કલેક્ટરોને આઈ.એ.એસ.માં નોમીનેશન પડતા આ ૧૯ જગ્યાઓ ખાલી પડવા પામી છે. તેમજ બીજી નવ જેટલી જગ્યાઓ પણ ખાલી પડી છે. આમ કુલ ૧૯ જેટલી જગ્યાઓ અધિક કલેક્ટરની ખાલી પડી છે.

ખાલી પડેલી આ જગ્યાઓ બઢતીથી ભરવા માટે ૩૮ જેટલા નાયબ કલેક્ટર કક્ષાના અધિકારીઓને અધિક કલેક્ટર તરીકે બઢતી આપવા માટેની પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી છે. ડી.પી.સી.ની બેઠક મળ્યા બાદ પ્રવરતા યાદી જી.પી.એસ.સી.માં મંજુર અર્થે મોકલી આપવામાં આવેલ. આ યાદીને જી.પી.એસ.સી.એ પણ મંજુરી આપી દેતા હવે આઈ.એ.એસ.માં નોમીનેટ કરાયેલ ૧૯ અધિકારીઓને નિમણુંકો આપવા માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને આગામી એકાદ સપ્તાહમાં હૂકમો થાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નાયબ કલેક્ટર કક્ષાના અધિકારીઓને બઢતી આપવામાં આવ્યા બાદ મામલતદારમાંથી નાયબ કલેક્ટર તરીકે બઢતી આપવા માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. આ ઉપરાંત નાયબ મામલતદારમાંથી મામલતદાર તરીકે બઢતી આપવા માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો હોવાનુ જાણવા મળે છે.

## સૌને સામેલ કરનારૂ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે. નવીન ટ્રાફિક આઈલેન્ડ માટે રૂ. એક કરોડ સુચવવામાં આવ્યા છે.

શાળાઓમાં પ્રાર્થનાખંડ સહિતની જરૂરી સુવિધા માટે રૂ. ૧૫ કરોડ, શહેરી ગરીબ અને પછાત વિસ્તારમાં વિકાસના કામો શાળાઓમાં પ્રાથમિક સુવિધા, રમતગમત સંકુલ વગેરે માટે રૂ. ૯ કરોડની ફાળવણી કરવામાં આવી છે. અર્બન હેલ્થ સેન્ટરની સુવિધાઓના સુદઢીકરણ માટે રૂ. એક કરોડ ફાળવવામાં આવ્યા છે.

મહિલા સશક્તિકરણ પર પણ આ બજેટમાં ભાર મુકવામાં આવ્યો હોવાનું જણાવતા શ્રી દવેએ કહ્યું હતું કે સગર્ભા મહિલાઓને પ્રસુતિ સમયે વહેલા નોંધણી કરાવવા પ્રોત્સાહક રકમ આપવા, ધાત્રી માતાને આહાર અને બાળકનું રસીકરણ તથા વિનામુલ્યે મચ્છરદાની વિતરણ કરવા રૂ. ૩૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

મહિલાઓને મિશન મંગલમ અંતર્ગત ઉત્પાદિત વસ્તુઓના વેચાણ માટે અર્બન હાટ બનાવવાનું આયોજન પણ કરવામાં આવેલ છે.

પંડિત દીનદયાળજી જન્મ શતાબ્દી તથા એકાત્મ માનવ દર્શન અર્ધ શતાબ્દી ઉજવણી માટે રૂ. પાંચ લાખની ફાળવણી કરવામાં આવી છે.

સ્માર્ટ આંગણવાડી પણ બનાવવાનો સંકલ્પ આજની બેઠકમાં લેવામાં આવ્યો છે.

સ્થાયી સમિતિએ બજેટની દરખાસ્તને મંજૂર કરવાની સાથે ૨૨ જેટલા સૂચનો પણ તંત્રને કર્યા છે. જેમાં ઓનલાઈન ફરિયાદ નિવારણ વ્યવસ્થા સઘન બનાવવા, વિકાસકામોની પ્રગતિનો અહેવાલ સ્થાયી સમિતિમાં રજુ કરવા કોર્પોરેશનમાં ભરતી માટે અલાયદુ ભરતી બોર્ડ બનાવવા સહિતની બાબતનો સમાવેશ થાય છે.

વડીલ વંડના યોજના અંતર્ગત સિનીયર સિટીઝનો માટે એક દિવસનો પ્રવાસ ભોજન સાથે કરાવવાની બાબત હોવાનું શ્રી દવેએ જણાવ્યુ હતુ.

## સફાઈ દરમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

લેવામાં આવી છે. સેકટરોના આંતરિક માર્ગની સફાઈ રોડ સ્વીપર મશીનથી કરવામાં આવી રહી છે.

ડોર ટુ ડોર કલેકશન માટે એજન્સીને અન્ય નગરોની સરખામણીએ વધુ ચાર્જ ચુકવવાનો હોવાની વાતનો ઈન્કાર કરતાં જણાવ્યું હતું કે દરેક નગરની ભૌગોલિક સ્થિતિને ધ્યાને લઈ દર નિયત થતા હોય છે એ વાત પણ જોવી જોઈએ.

## પુરાંતવાળું બજેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વધારાના નાણાંની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત જનસુવિધા તેમજ અન્ય કેપીટલ કામોમાં જરુરી વધારાની રકમની ફાળવણી કરીને રૂ. ૨૯૮ લાખનો કેપીટલ ખર્ચનો અંદાજ વધારેલ છે.

સને ૨૦૧૫-૧૬ના વિવિધ પ્રકારના જન સુવિધાના કામો, શહેરી ગરીબ તથા પછાત વિસ્તાર અને પેરીફેરી વિસ્તારના ગામોના વિકાસ કામો ઈ-ગવર્નન્સ અને સોલિડવેસ્ટ મેનેજમેન્ટના કામોનું આયોજન મહાનગરપાલિકાને રેવન્યુ કેપીટલ બચતમાંથી કરવા રૂ. ૬૯.૯૨ કરોડ ફાળવવામાં આવેલ છે.

આ ઉપરાંત ફોરડીપી-૫૭ અને ફોરડીપી-૭૮ હેઠળ મંજૂર થયેલ રૂ. ૪૮.૯૮ કરોડના વિકાસના કામો મળીને રૂ. ૧૧૮.૯૦ કરોડના વિકાસ કામોનું આયોજન મંજુર કરેલ છે.

## આજીવન કેદની સજા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થઈ ગયા હતા. આરોપીઓ વિરૂદ્ધ કલોલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ કેસ કલોલની એડીશનલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી. વ્યાસે દલીલો કરી હતી. તેમણે આરોપીઓને સમાજમાં દાખલો બેસે તેવી સખત સજા કરવા કોર્ટ સમક્ષ જણાવ્યું હતું. જેને ધ્યાને લઈ જજ ગુણવંતલાલ એમ. પટેલે પાંચેય આરોપીઓને આજીવન કેદની સજા તેમજ રૂ. ૧ હજારનો દંડ ભોગવવા હૂકમ કર્યો છે.

## પ્લાસ્ટ ઈન્ડિયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્લાસ્ટિક્સ ઉદ્યોગની સંસ્થાઓનું ફેડરેશન છે. આ પ્રદર્શનમાં ટેકનોલોજી, નાવીન્યતા, પ્રક્રિયાઓ, પ્રોડક્ટોમાં આધુનિકતાઓ, જવાબદાર પ્લાસ્ટિક્સ વ્યવસ્થાપન, રિસાઈકલિંગ અને પ્લાસ્ટિક્સનાં સંબંધિત સર્વ પાસાંઓ પ્રદર્શિત કરાશે.

૨૦૧૫ સુધીમાં પ્લાસ્ટિક્સનો ઉપયોગ અંદાજે ૧૪ મિલિયન મે.ટ. સુધી પહોંચવાની સંભાવના હોઈ પ્લાસ્ટિક્સ માટે ભારત આશાસ્પદ બજાર છે. ભારતની નોંધનીય આર્થિક વૃદ્ધિ અને કૃષિ, પેકેજિંગ, ટેલિકોમ્યુનિકેશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા વાહન ઉદ્યોગ ક્ષેત્રમાં પ્રગતિ પ્લાસ્ટિક્સ માટે વૃદ્ધિની ભરપુર તકો પ્રદાન કરે છે.

પ્લાસ્ટઈન્ડિયા ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ સુભાષ કડાકિયાએ જણાવ્યુ હતું કે ગતિશીલ પ્રદર્શન ઉપરાંત ઘણી બધી સંકળાયેલી ઓફરો હશે, જેને લીધે પ્લાસ્ટઈન્ડિયા પ્રદર્શન વૈશ્વિક પ્લાસ્ટિક્સ દિગ્ગજો માટે અચૂક પધારવાનો પર્વ બની જાય છે. ગુજરાત સરકારની મદદથી ઘટાયેલી નવી ક્ષિતિજને લીધે દેશ માટે નવી સુવિધાઓ પ્રદર્શિત થશે.

આ પર્વ સાથે નાવીન્યતાનું પ્રવેશદ્વાર નામે આંતરરાષ્ટ્રીય પરિષદ પણ યોજાશે, જે ગુજરાતના ગાંધીગનગરમાં મહાત્મા મંદિરના કન્વેન્શન સેન્ટરમાં યોજાશે. પ્રસ્તુતિકરણ અને વેપાર ક્ષેત્રે આ થીમ આસપાસ વીંટળાયેલા હોવા છતાં કોન્ફરન્સ વિચારો ઉજાગર કરવા, નિવારણો પરથી પડદો ઊંચકવા અને તકો વિકસાવવા માટે આદર્શ મંચ બની રહેશે.

આ પ્રદર્શન ચતુર્થ પ્રોપ્લાસ્ટ એક્ઝિબિશનનું પણ યજમાન બનશે. જે ભારતના પ્લાસ્ટિક્સ પ્રક્રિયા જગતની વૈશ્વિક ધોરણની ક્ષમતાઓ પ્રદર્શિત કરશે. ઉપરાંત આ સાથે ૨૪મું પ્લાસ્ટિક્સ ફોરમ, છઠ્ઠા પ્લાસ્ટિકોન એવોર્ડસ, વિન્ટેક ટેકનોલોજી ટ્રાન્સફર પહેલ અને રોકાણો, ફાઈનાન્સ, જ્ઞાન આદાનપ્રદાન વગેરે પર સેંકડો બીટુબી સંમેલનો પણ યોજાશે.

ગુજરાત સ્થિત કંપનીઓ તરફથી મશીનરીઓની ખરીદી પર ૫ ટકાનું રિબેટ ઓફર કરાશે અને રાજ્યની બહારની કંપનીઓની મશીનરી પર ૩ ટકાનું રિબેટ પ્રદર્શનના સમયગાળામાં ઓફર કરાશે. કાચા માલોની ખરીદીમાં વેટ પર સબસિડીનો લાભ અપાશે. જ્યારે મશીનરીની ખરીદી પર વ્યાજ પર ૫ ટકાની સબસિડી અપાશે.

સહભાગીઓ વિદેશી દેશોમાંથી ગુજરાતમાં પધારવાના હોવાથી એમિટ્રેટ્સ અમદાવાદથી દુબઈની સાપ્તાહિક ફ્લાઈટ સેવા આપશે. જેટ એરવેઝ અને એમિરેટસ પ્લાસ્ટ ઈન્ડિયા ૨૦૧૫ પ્રદર્શનના સર્વ મુલાકાતીઓ અને પ્રદર્શનકારીઓ માટે વિશેષ ડિસ્કાઉન્ટસ પણ આપશે. પ્રદર્શનના મેદાન અને મહાત્મા મંદિર ખાતે મહત્વપૂર્ણ વ્યૂહાત્મક સ્થળો ખાતે આંતરિક અવરજવર માટે વિશેષ શટલ સેવા પણ ઉપલબ્ધ કરવામાં આવશે.